મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૦૬-૦૧-૨૦૨૫
સોમવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૭૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે

Garvi Takat app
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367


## રાજ્યપાલ અને સીએમના હસ્તે જમિયતપુરા પાસે રૂપિયા ૩૦૦ કરોડના ખર્ચે આંજણાધામનું નિર્માણમાં ભૂમિપૂજન કરાયું

# આંજણા સમાજના સર્વાંગી વિકાસ માટે રૂ.૩૦૦ કરોડથી વધુના ખર્ચે આધુનિક બહુહેતુક વૈશ્વિક કક્ષાનું ‘આંજણા ધામ’ નિર્માણ પામશે

**મહાનુભાવોના હસ્તે ચૌધરી સમાજના દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું**

**પશુપાલકો-કિસાનોની મહેનત અને પરસેવાથી સિંચાયેલી એશિયાની સૌથી મોટી ડેરી – બનાસ ડેરી ઉત્તર ગુજરાતની શાન છે અને આંજણા ચૌધરી સમાજના પરિશ્રમનો પરિપાક છે : મુખ્યમંત્રી**

**આંજણાધામ સંસ્કારવાન માનવ નિર્માણ માટેનું ‘મિશન’ બને : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી**




## આંજણા ધામની ખાસિયત

● આંજણા સમાજનું રૂપિયા ૩૦૦ કરોડના ખર્ચે બનશે આંજણાધામ ● જમીયતપુરા પાસે બનશે આંજણાધામ ● ૨૨ હજાર ચોરસ મીટર માં નિર્માણ પામશે આંજણા ધામ ● ૨૩૦૦ વિધાર્થી એકસાથે રહી શકે તે માટે કરવામાં આવશે વ્યવસ્થા ● લાઈબ્રેરી, કોમ્પ્યુટર રૂમ તથા હોલ સહિતની વ્યવસ્થા હશે ● ૩૦૦ કરોડનું ભવ્ય આંજણા ધામ ● જમીયતપુરા ગાંધીનગર પાસે ૨૨૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ભવ્ય આંજણાધામ વિકસાવાવનું બીડું સમાજના આગેવાનોએ ઉપાડ્યું છે. આ વિશે માહિતી આપતા આંજણા ધામના મુખ્ય દાતા અને પ્રમુખ મણીલાલ ચૌધરી તથા મહામંત્રી અમિતભાઈ ચૌધરીએ જણાવ્યું કે, આ આંજણધામનો હેતુ સમાજના સંતાનોને શિક્ષણલક્ષી મદદ કરવાનો છે. જેમાં સમાજ માટે વિવિધ કાર્યો કરવામાં આવશે. આંજણાધામમાં UPSC/GPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા-વ્યવસાયલક્ષી તાલીમ ક્લાસરૂમ, કુમાર-કન્યા છાત્રાલય, એન.આર.આઈ-સિનિયર સિટીઝન ભવન, ભવ્ય ઓડિટોરિયમ, લાઇબ્રેરી, ભોજનાલય, કોમ્યુનિટી હોલ કાર્યાલય, હેલ્થ કેર યુનિટ- વ્યસન મુક્તિ કેન્દ્ર, સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ-યોગ અને ફિટનેસ સેન્ટર જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.

## કોણે કેટલુ દાન આપ્યું

મણીલાલ કરશનભાઈ ચૌધરી (દગાવાડિયા) દ્વારા ૫૧ કરોડ
શંકરભાઈ ચૌધરી (શંકુજ વોટરપાર્ક) દ્વારા ૩૫ કરોડ
શેઠ કરિભાઈ વેલજીભાઈ ચૌધરી (ચરાડા) દ્વારા ૨૫ કરોડ
કનુભાઈ ડ્રાહ્યાભાઈ ચૌધરી (દગાવાડિયા), બાબુભાઈ મણીલાલ ચૌધરી (દગાવાડિયા) તથા રમેશભાઈ ભીમજીભાઈ ચૌધરી ( દગાવાડિયા) દ્વારા ૧૧-૧૧ કરોડ
તોનાથાભાઈ ચૌધરી (દગાવાડિયા), બળદેવભાઈ ચૌધરી ( દગાવાડિયા) દ્વારા ૨-૨ કરોડ
આર.ડી. ચૌધરી (ઝાલોર, રાજસ્થાન) દ્વારા ૧ કરોડ
૨૦૦ કરોડનું દાન આવ્યું
૩૦૦ કરોડના ખર્ચે ભવ્ય આંજણાધામ બનાવાવમાં આવનાર છએ. પરંતું તે માટે દાતાઓએ દાનની સરવાણી વહાવી છે. અત્યાર સુધી ચૌધરી સમાજના દાતાઓ દ્વારા ૨૦૦ કરોડથી વધુ રકમનું દાન આવ્યું છે. ૩૦૦ કરોડના આંજણાધામનો હેતુ બહુહેતુક કેન્દ્ર કરવાનો છે.







## આંજણાધામમાં શું શું હશે

● બહુહેતુક આંજણા ધામમાં કુલ ૧૩ માળ હશે. આંજણા ધામ ભવનનું કુલ બાંધકામ ૪.૫ લાખ ચો. ફૂટ વિસ્તારમાં થશે. ● અંદાજે ૨૫હજાર ચો. ફૂટની જગ્યા ધરાવતી ૩ લાઈબ્રેરી હશે ● ૬૫૦ સ્ટુડન્ટ એક સાથે જમી શકે તેવું અધતન ડાઈનીંગ હોલ બનાવાશે ● ડાઈનિંગ મુજબનું કીચન પણ ભવ્ય હશે ● ૨૦૦ સ્ટુડન્ટ બેસી શકે તેવા ચાર ક્લાસરૂમ અને ૬૦ સ્ટુડન્ટની એરેન્જમેન્ટવાળા ૬ ક્લાસ રૂમ હશે ● ૨૫૦ સ્ટુડન્ટની કેપેસીટી ધરાવતી ળી કોમ્પ્યુટર લેબ ● ૨,૩૦૦ સ્ટુડન્ટ એક સાથે નિવાસ કરી શકે તેવી આધુનિક હોસ્ટેલ સુવિધા ● ૧૨ લિફ્ટ ધરાવતા ભવનના ૧૨મા માળે ખેલકૂદ માટે ઈનડોર ગેમ ● ૧૦ હજાર ચો. ફૂટના બે મલ્ટિપરપઝ હોલ, રિસેપ્શન,બોર્ડ રૂમ, કોન્ફરન્સ રૂમ, અમ્ફી થિયેટર તેમજ સોલાર રૂફ ટોપ બનાવાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૫

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ આજે આંજણાધામનો શિલાન્યાસ કર્યો હતો. અમદાવાદ-મહેસાણા હાઈવે પર, કલોલ નજીક, જમિયતપુરા ગામ પાસે ?૩૦૦ કરોડના ખર્ચે આકાર લેનારા ભવ્ય આંજણાધામના શિલાન્યાસ અવસરે મહાનુભાવોએ દાનવીર-દાતાઓનું સન્માન પણ કર્યું હતું.આ પ્રસંગે શિકારપૂરા આશ્રમ રાજસ્થાનના સંરક્ષક શ્રી શ્રી ૧૦૦૮ મહંત શ્રી દયારામજી મહારાજે આશીર્વચન આપ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત સંતો અને મહાનુભાવોના હસ્તે સોનાની શીલા-ઈંટનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન-મંત્રોચ્ચાર કરીને આંજણા ધામ ભવનનો શિલાન્યાસ કર્યો હતો.

વિશ્વ આંજણા ફાઉન્ડેશન અને આંજણાધામ ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામનારા આંજણાધામના શિલાન્યાસ પ્રસંગે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આંજણાધામ માત્ર વિદ્યાર્થીઓને અક્ષરજ્ઞાન આપવાનું કે સમાજના યુવાનોને

અનુસંધાન પાન- ૨ ઉપર

















# સ્વાસ્થ્ય પર ભારે પડતું બજારૂ ભોજન

આપણે ખાવા-પીવાની કોઈપણ ચીજ ખરીદતાં પહેલાં તેના લેબલમાં આપેલ જાણકારી અવશ્ય વાંચવી જોઈએ. દેખીતું છે કે સૌથી પહેલાં એ જોવું જોઈએ કે તેમાં ખાંડ કેટલી છે. તેનો અર્થ એ છે કે સુપરમાર્કેટ, મોલ વગેરેમાં મૂકેલા જ્યૂસ, શરબત મોલ્ટ આધારિત પીણાં, પ્રોસેસ્ડ અનાજ જેમ કે દલિયા કે ઓટ્સ, ચોકલેટ, સુગંધિત દહીં વગેરે પદાર્થ -જેમાં ભારે માત્રામાં ખાંડ ઉમેરવામાં આવે છે. આ બધું જ તમારા માટે વર્જ્ય છે. આપણી કોશિશ એ રહેવી જોઈએ કે અપેક્ષાકૃત ઓછાં બાહ્ય તત્ત્વો અને પ્રિઝર્વેટીવ ભેળવેલી ખાદ્ય ચીજો જ ખરીદવી.

આજકાલ સુપરમાર્કેટોની શેલ્ફો પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થો અને પીણાંથી લદાયેલી જોવા મળે છે. કોઈ સામાન્ય ગ્રાહકે થોડા વધુ જાણકાર રહેવાથી ઘણો ફરક પડી જાય છે. એ તથ્ય છે કે અમેરિકામાં પ્રચલિત ખાદ્ય ચીજોમાં લગભગ ૭૩ ટકા એ છે, જે સુપર-પ્રોસેસ્ડ શ્રેણીમાં આવે છે અને યુરોપમાં આ આંકડો લગભગ ૬૦ ટકા છે. જરા સરખી સાવધાની રાખવાથી ગ્રાહકોને જ ફાયદો થાય છે. યુટ્યૂબ પર ઘણા વીડિયો દર્શાવે છે કે ખાંડ આપણા સ્વાસ્થ્ય માટે કેટલી ઘાતક છે, ત્યાં સુધી કે ખાંડને છદ્મ નામ આપીને ભેળવવામાં આવે છે.

પરંતુ પહેલાં એ જાણી લઈએ છીએ કે સુપર-પ્રોસેસ્ડ ખાદ્ય અસલમાં છે શું? હાર્વર્ડ મેડિકલના એક બ્લોગમાં તેની પરિભાષા જણાવવામાં આવી છે, 'મોટાભાગના એ ખાદ્ય ઉત્પાદનો અલગથી ભેળવેલા અવયવ, જેમ કે ખાંડ, મીઠું, ચરબી, સ્ટાર્ચ, કૃત્રિમ રંગ, પ્રિઝર્વેટીવ્સ વગેરે મળીને બનાવવામાં આવે છે.' સુપર માર્કેટોમાં મળતી મોટાભાગની વસ્તુઓમાં આમાંથી કેટલાંક તત્વો ચોક્કસ હોય છે. એટલે પેકેટની ચમક-દમક અને લોભામણાં સૂત્રોથી વશીભૂત થઈને ખરીદી કરતાં પહેલાં લેબલ વાંચવાની આદત પાડો. અધ્યયન જણાવે છે કે પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થોના સેવનમાં માત્ર ૧૦ ટકાનો વધારો થતાં સ્તન કેન્સર થવાની સંભાવના વધી જાય છે! આ જ રીતે બ્રોમિનેટેડ વેજીટેબલ ઓઈલનો સંબંધ થાઈરોઈડ બીમારીના પ્રત્યેક પ્રકાર સાથે જોડવામાં આવે છે.

જે લોકો કંઈક વધારે જાણવા માંગે છે તેમણે 'ટહ-ફૂડ' નામની વેબસાઈટ પર ઉપલબ્ધ ડેટાબેઝ પરથી વિસ્તૃત જાણકારી મેળવવા જેવી છે. ત્યાં અમેરિકી બજારમાં પ્રચલિત ખાદ્ય પદાર્થોની ૫૦ હજારથી વધુ વસ્તુઓનાં લેખાંજોખાં આપેલાં છે. કોઈ ઉત્પાદન બનાવવા દરમ્યાન પ્રોસેસ કેટલા સ્તરે થઈ છે, તમે તેનું તુલનાત્મક અધ્યયન કરી શકો છો. તમારે કઈ ખાદ્ય વસ્તુ પસંદ કરવી જોઈએ, ત્યાં આપેલી જાણકારી વાસ્તવમાં એક માર્ગદર્શક બની શકે છે. હવે જો તમે કહો કે આ ડેટાબેઝ તો અમેરિકાનો છે, તો જાણી લો કે તેમાંથી ઘણાં ઉત્પાદનો ભારતમાં પણ આયાત થાય છે અથવા પછી તેની ભારતીય કોપી વેચાઈ રહી છે, એટલે કે આપણે ત્યાં પણ એટલું જ પ્રોસેસ કરવામાં આવે છે. જે પણ છે, આ ડેટાબેઝ કોઈ ખાદ્ય વસ્તુના લેબલ પર ટેકનિકલ શબ્દોમાં આપેલ જાણકારીનો અસલ અર્થ જાણવામાં સહાયક છે.

અહીં સ્વાસ્થ્ય માર્ગદર્શક અને સોશ્યલ મીડિયા પર ઘણો ફેલાવો ધરાવતા રેવંત હિંમતસિંગકા અને બહુરાષ્ટ્રીય અને મહાકાય કંપની કેડબરી વચ્ચે થયેલ હાલનો વિવાદ યાદ આવે છે. રેવંતે થોડા વખત પહેલાં ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં કેડબરીના લોકપ્રિય ઉત્પાદન 'બોર્નવિટા'ના સ્વાસ્થ્ય સંબંધી દાવાઓના ધજાગરા ઉડાવ્યા હતા. આ પોસ્ટ સોશ્યલ મીડિયા પર આગની માફક ફેલાઈ ગઈ અને એકલા ઈન્સ્ટાગ્રામ પર તેને ૧.૨ કરોડ લોકો દ્વારા જોવાઈ. બાદમાં તેને ટ્વિટર અને લિંકડ-ઈન જેવા સોશ્યલ મંચો પર પણ શેર કરવામાં આવી. પરંતુ જ્યારે રેવંતને કેડબરી દ્વારા મોટા વકીલોની કાનૂની નોટિસ મળી તો તેણે એ પોસ્ટ હટાવી લીધી અને કંપનીની જાહેરમાં માફી પણ માંગી. આ બાબતે રેવંતે કહ્યું, 'હું ઉપરોક્ત વીડિયો બનાવવા બદલ કેડબરીની માફી માંગું છું. મારી યોજના કે દાનત કોઈપણ ટ્રેડમાર્ક કે કંપનીને બદનામ કરવાની ન હતી.'

ઠીક છે કે તેણે આવું કરવું પડ્યું, પરંતુ સોશ્યલ મીડિયા પર 'ફૂડ ફાર્મર' નામની સાઈટ ચલાવનારા રેવંત માટે એક બહુરાષ્ટ્રીય ખાદ્ય કંપનીની બિનશરતી માફી માંગવી શું ખરેખર યોગ્ય છે? આ વિવાદ અહીં જ ખતમ નથી થતો. આખરે કોઈ શખ્સ કાયદાની સેવા આપતી કોઈ મોટી કંપની સામે લાંબા ખેંચાતા કેસમાં શું કામ પડવા માંગે? ડિલીટ કરાયેલા વીડિયોમાં રેવંતે દર્શાવ્યું હતું કે કેડબરીના બોર્નવિટામાં ૧૦૦ ગ્રામમાં ૫૦ ગ્રામ તો માત્ર ખાંડ જ છે. એટલે કે મૂળ સામગ્રીમાં અડધો ભાગ માત્ર ખાંડ છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## અનુસંધાન પાન-૧નું ચાલું : જમિયતપુરા પાસે રૂપિયા ૩૦૦ કરોડના ખર્ચે આંજણાધામનું નિર્માણમાં ભૂમિપૂજન







આઈ.એ.એસ.-આઈ.પી.એસ. બનાવવાનું કેન્દ્ર માત્ર ન બને, આંજણાધામ એવા સંસ્કારવાન માનવ નિર્માણ માટેનું મિશન બને જે સમાજનું, માતા-પિતાનું અને રાષ્ટ્રનું ગૌરવ વધારે. આંજણા-ચૌધરી સમાજ રાષ્ટ્રભકત સમાજ છે. આંજણા યુવાનો ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારત અભિયાનમાં સહયોગ આપે.

એ જ દેશ અને સમાજ ઉન્નતિ કરે છે જ્યાં મહિલાઓનું પણ પુરુષો જેટલું જ યોગદાન હોય છે, એમ કહીને શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આંજણા સમાજ બહેન-દીકરીઓના શિક્ષણ અને વિકાસ માટે વિશેષ ધ્યાન આપે. જે પોતાના સંતાનોને શિક્ષણ અને સંસ્કાર આપશે, વ્યસનોથી મુક્ત રાખશે એ જ સમાજ પ્રગતિ કરશે.

આંજણાધામ માટે દાન આપનાર સમાજના દાનવીર આગેવાનોનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સન્માન કરાયું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્વયં પણ રૂપિયા પાંચ લાખના દાનની ઘોષણા કરી હતી અને કહ્યું હતું કે, પરિશ્રમ અને મહેનતનો પૈસો પવિત્ર હોય છે. દાતાઓએ પોતાના પવિત્ર ધનનો સદુપયોગ કર્યો છે. તેમણે 'કર્મ-ફળ વ્યવસ્થા'નું ઉદાહરણ આપતાં સમજાવ્યું હતું કે, દાન એ આગામી જન્મ માટે અત્યારે જ કરેલી આર.ટી.જી.એસ. વ્યવસ્થા છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજશક્તિને રાષ્ટ્રનિર્માણમાં જોડવાની આપેલી પ્રેરણાને અનુસરીને આંજણા ચૌધરી સમાજ એક ભવ્ય આંજણાધામનું નિર્માણ કરી રહ્યો છે.સમાજની ભાવિ પેઢીના ઉમદા ઘડતરના આ સેવા કાર્યમાં સહભાગી થવાની મને મળેલી તક એ મારું સૌભાગ્ય છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ શિલાન્યાસ કે ભૂમિ પૂજન કોઈ સંકુલના નિર્માણની આધાર શીલા માત્ર નથી, પરંતુ સમૃદ્ધ અને શક્તિશાળી સમાજના ઘડતરની આગવી દિશા છે.આદરણીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબે સૌને સાથે રાખીને ચાલવાનો, સૌના સાથ, સૌના વિકાસનો મંત્ર આપ્યો છે.આંજણા સમાજ અને વિશ્વ આંજણા ફાઉન્ડેશને આ મંત્રને કાર્યમંત્ર બનાવ્યો છે તે અભિનંદનને પાત્ર છે.સમાજના યુવાઓને ઉચ્ચ શિક્ષણ, કારકીર્દી ઘડતર અને રમત-ગમત સહિતના સર્વાંગી ક્ષેત્રોમાં ખિલવાની પૂરતી તક આપવાનું આ આંજણા ધામ સંકુલ માધ્યમ બનશે.

આશરે ૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા આ સંકુલમાં યુવાનો માટે વર્ગોની વ્યવસ્થા, હોસ્ટેલની સુવિધા ઉપરાંત સ્વાસ્થ્ય અને વ્યસનમુક્તિ જેવી પ્રવૃત્તિઓ માટેના કેન્દ્ર પણ બનવાના છે તે યુવાશક્તિને સદાચાર-સદમાર્ગે લઈ જવાનું દિશાદર્શન કરશે,એમ મુખ્યમંત્રીશ્રી જણાવ્યું હતું.

તેમણે સંકુલના નિર્માણ માટે માતબર રકમનું દાન આપનારા દાતાશ્રીઓ, વિશ્વ આંજણા ફાઉન્ડેશન તથા આંજણાધામ ટ્રસ્ટને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી આંજણા ચૌધરી સમાજની વિશેષતા અંગે શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, આંજણા ચૌધરી સમાજ તો અર્બુદા માતાના વંશજો છે અને સમાજશક્તિનો પરિચય સમાજે દેશવિદેશમાં પણ આપ્યો છે.ગ્રામ-સંસ્કૃતિ, કૃષિ, દૂધ ઉત્પાદન અને પશુપાલન ક્ષેત્રે પરસેવો પાડી સિદ્ધિના શિખરો સર કરનારો આ પુરૂષાર્થી સમાજ છે.આવી સમાજશક્તિને સરકારનું પ્રોત્સાહન અને સૌનો સહકાર મળે તો વિકાસ બમણો થાય છે.સમાજ અને સરકાર સાથે મળીને કામ કેરે તો કેવી ઉન્નતિ થાય તેનું જીવંત ઉદાહરણ આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના સર્વગ્રાહી વિકાસથી પૂરું પાડ્યું છે. સ્વાસ્થ્ય, વેપાર, ઉદ્યોગ અને શિક્ષણ સહિત તમામ ક્ષેત્રે આંજણા સમાજે સફળતા મેળવી છે.

સમાજની દીકરીઓને ઉચ્ચ શિક્ષિત બનાવીને આંજણા ચૌધરી સમાજે શિક્ષણ ક્ષેત્રે આગવી કેડી કંડારી એમ જણાવી મુખ્યમંત્રીશ્રી એ કહ્યું હતું કે, આઇ.એ.એસ, આઇ.પી.એસ, જેવી ઉચ્ચ પદની નોકરીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વ તાલીમ અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય પણ આ સમાજ પૂરી પાડે છે. આ સમાજની મહેનતના પ્રતાપે ઉત્તર ગુજરાતની ભૂમિ દૂધ અને ઘીથી મહેંકતી ધરતી બની છે. પશુપાલકો-કિસાનોની મહેનત અને પરસેવાથી સિંચાયેલી એશિયાની સૌથી મોટી ડેરી – બનાસ ડેરી ઉત્તર ગુજરાતની શાન છે અને આંજણા ચૌધરી સમાજના પરિશ્રમનો પરિપાક છે.

તેમણે યુવાઓને પ્રેરણા આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવાશક્તિના સામર્થ્યથી રાષ્ટ્રનિર્માણનો ધ્યેય રાખ્યો છે.આંજણા ચૌધરી સમાજના યુવાનો પણ વડાપ્રધાનશ્રીના આહવાનમાંથી પ્રેરણા લઈ રાષ્ટ્રસેવાનાં કાર્યોમાં વધુને વધુ સક્રિય બને તે આપણે સુનિશ્ચિત કરવાનું છે.આંજણાધામ યુવાનોને સુસજ્જ બનાવવા સાથે તેમનામાં દેશપ્રેમના સંસ્કારોનું સિંચન કરવાનું મહત્વનું કેન્દ્ર બનશે,એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈનાં પદચિન્હો પર ચાલીને જ દરેક સમાજને સાથે રાખી, દરેક સમાજને સમાન અવસરો પૂરા પાડીને, દરેક સમાજની સર્વાંગી વિકાસયાત્રાને આગળ વધારવા આપણે પ્રતિબદ્ધ છીએ. વિકસિત ભારત જ ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતનું નિર્માણ વડાપ્રધાનશ્રીના દિશાદર્શનથી કરવું છે.એ માટે સરકાર, સમાજ અને આપણે સૌ સાથે મળીને સેવારત રહીએ અને યુવાશક્તિ, માતા બહેનોની શક્તિ સાથે રાષ્ટ્રને અને રાજ્યને પ્રગતિમય બનાવીએ.

આંજણાધામના દાતા શ્રી અને વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ સંબોધતા જણાવ્યું હતું, આંજણાધામનો શિલાન્યાસ એ ચૌધરી સમાજ માટે ઐતિહાસિક અવસર છે.તેમણે દાનનો મહિમા સમજાવતા કહ્યું કે, જે સમાજ દાતાઓનું સન્માન કરે છે તે રાષ્ટ્ર આગવી પ્રતિષ્ઠા અને સમૃદ્ધિ મેળવે છે. જેથી આ આંજણા ધામ માટે દાન આપનાર સર્વેને અભિનંદન, વંદન.

આ બિન રાજકીય સંસ્થાનમાં સમાજ નિર્માણ થકી રાષ્ટ્ર નિર્માણ થશે એવી આશા વ્યક્ત કરતા

તેમણે કહ્યું કે,૧૧ રૂપિયાનું દાન પણ ૧૧ કરોડ કરોડ બરાબર છે.આ ભવનના નિર્માણમાં તમામનો નાનો પણ ફાળો છે તેવો ભાવ થવો જોઈએ. ચૌધરીએ કહ્યું કે, ગર્ભ સંસ્કાર થકી આપણે તેજસ્વી અને સંસ્કારી બાળક- પેઢીનું સર્જન કરી શકીએ છીએ. આપણે સૌએ એક થ?ઈને આ આંજણાધામના વિકાસમાં સહભાગી થ?ઈએ તેવું શ્રી ચૌધરીએ સમાજના આગેવાનો-યુવાનોને આહ્વાન કર્યું હતું.

આંજણાધામ પ્રમુખ અને મુખ્ય દાતા શ્રી મણીભાઈ ચૌધરીએ કહ્યું હતું કે,ભગવાને મને આ દાન માટે સક્ષમ બનાવ્યો અને સમાજે આ દાન સ્વીકાર્યું તે બદલ હું સમાજનો આભારી છું. તેમણે આ પ્રસંગે સૌને આ સંસ્થામાં જોડાઈને સમાજ હિતમાં વધુમાં વધુ દાન આપવા આહવાન કર્યું હતું. શ્રી મણિભાઈએ આંજણા ધામ માટે રૂ.૫૧ કરોડનું દાન આપ્યું છે.

દાતા શ્રી દિલીપભાઈ શંકરભાઈ ચૌધરી, શ્રી રમણભાઈ ચૌધરી અને શ્રી કનુભાઈ ચૌધરીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આંજણા ધામના મહામંત્રી શ્રી અમિતભાઈ ચૌધરીએ આંજણા ધામના મુખ્ય દાતાશ્રીઓનો પરિચય કરાવી સમાજ હિતમાં દાન આપવા બદલ સર્વે દાતાશ્રીઓનો આભાર માન્યો હતો.

સમાજ-રાષ્ટ્રના સર્વાંગીણ વિકાસના ઉમદા હેતુથી જમિયતપુરા-ગાંધીનગરમાં વૈશ્વિક કક્ષાના 'આંજણા ધામ'ના શિલાન્યાસ સમારોહમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓ તેમજ રાજસ્થાન અને મધ્યપ્રદેશ તેમજ યુ.એસ.એ./કેનેડા સહિત વિવિધ દેશોમાંથી પણ આંજણા ચૌધરી સમાજના દાતાશ્રીઓ, આંજણા ધામના ટ્રસ્ટીશ્રીઓ, આગેવાન ભાઈ-બહેનો, કાર્યકરો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા.

## અમદાવાદમાં શ્વાસની તકલીફની ઈમરજન્સીમાં ભયજનક ૮૩ ટકાનો વધારો

# અમદાવાદમાં ૨૦૧૮ થી ૨૦૨૪માં શ્વાસની ઈમરજન્સી કેસોની સંખ્યા ૧૭૭૭૮થી ૩૨૫૦૬ સુધી પહોંચી!

અમદાવાદ,તા.૪

અમદાવાદમાં લગ્નમાં ગયેલાં ૩૨ વર્ષીય વ્યક્તિએ શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ કરી હતી અને ગયાં અઠવાડિયે તેને એસજી રોડ પરની કોર્પોરેટ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

પલ્મોનોલોજિસ્ટ જણાવ્યું કે ×સામાન્ય સંજોગોમાં, તે યુવાનોને આટલી અસર ન કરી શકે પરંતુ પ્રદુષણના કારણે ધુમ્મસના સમયગાળામાં લોકોનાં ફ્લૂના ચેપ એટલા સ્તરે વધી જાય છે કે તેને સ્થિર થવા માટે અસ્થાયી રૂપે ઓક્સિજન આપવાની જરૂર પડે છે.

ઈમરજન્સી એમ્બ્યુલન્સ ૧૦૮ ના ડેટા દર્શાવે છે કે ગુજરાતમાં પ્રથમ વખત શ્વાસની તકલીફના કેસો ૧ લાખથી ૧.૨૪ લાખ પર પહોંચી છે. ૨૦૧૮ માં નોંધાયેલાં ૬૨૦૩૬ થી આ સંખ્યા ૬ વર્ષમાં બમણી થઈ છે.

અમદાવાદમાં છ વર્ષમાં આ ઈમરજન્સી કેસોની સંખ્યા ૧૭૭૭૮ થી ૩૨૫૦૬ પર પહોંચી છે જે ૮૩ ટકાનો વધારો થયો છે. આમ, અમદાવાદમાં દરરોજ શ્વાસની તકલીફના ૮૯ કેસ નોંધાયાં છે, જ્યારે ગુજરાતમાં દરરોજ શ્વાસની તકલીફના ૩૪૦ કેસ નોંધાયાં છે. વાર્ષિક ધોરણે, વધારો અનુક્રમે ૩૦ ટકા અને ૩૩ ટકા જોવા મળ્યો હતો.

'લોકોની શ્વાસની તકલીફ માટે અનેક પરિબળો જવાબદાર' :-

પલ્મોનોલોજિસ્ટ અને ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડો. મનોજ સિંઘે જણાવ્યું હતું કે છેલ્લાં કેટલાક વર્ષોથી અમદાવાદ જેવાં શહેરમાં લોકોને શ્વસન માર્ગના ચેપ અને ક્રોનિક અવરોધક પલ્મોનરી રોગ સામાન્ય રીતે જોવા મળતો થયો છે.

તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૨૪ માં મિશ્ર હવામાન જોવા મળ્યું હતું જેનાં કારણે દર્દીઓમાં એલર્જીક પ્રતિક્રિયાઓ અને ફ્લૂના કેસોમાં વધારો થયો હતો. તેમણે કહ્યું કે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડવાથી તેમને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની મદદ લીધી હતી.

લોકોની વધતી જતી શ્વાસની તકલીફ માટે અનેક પરિબળો જવાબદાર છે. હવામાનમાં ફેરફારના કારણે શહેરી વિસ્તારોમાં શ્વસન સંબંધી બીમારીઓ જોવા મળી હતી. ઘણાં કારણો હોય છે. પ્રદૂષણ પણ એક મુખ્ય કારણ છે.

ભારે ટ્રાફિકવાળા વિસ્તારો અથવા ઔદ્યોગિક વિસ્તારોની નજીકમાં રહેતા હોય તે લોકોને શ્વસન રોગો વધુ થાય છે. તેમણે કહ્યું કે દરેક કેસને ધ્યાનમાં રાખીને તેની સારવાર કરવી જોઈએ.

'શ્વાસની તકલીફ' ઈમરજન્સીના તમામ કેસો શ્વાસ સંબંધી બીમારીઓ સાથે સંબંધિત હોતાં નથી. અમુક લક્ષણો કાર્ડિયોવેસ્ક્યુલર સમસ્યાઓ સહિત અન્ય રોગોનાં પણ સૂચક હોય છે. આ જ કારણે ઈમરજન્સી સારવારમાં દર્દીઓની સંપૂર્ણ તપાસ હાથ ધરવામાં આવવી જોઈએ. પરંતુ એ વાત સાચી છે કે પાછલાં વર્ષમાં મોટી સંખ્યામાં દર્દીઓ જોવા મળ્યાં હતાં.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

**વૃષભ (બ,વ,ઉ) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**મીથુન (ક,છ,ઘ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**કર્ક (ડ,હ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**સિંહ (મ,ટ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**વૃશ્ચિક (ન,ય) :**
જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

**મકર (ખ,જ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

## ફિલ્મી ગપશપ

### અલ્લુ અર્જુને ૪ વર્ષ બાદ વાળ કપાવ્યા-દાઢી ટ્રીમ કરાવી:'પુષ્પરાજ'નો ગેટઅપ છોડી નવા લૂકમાં જોવા મળ્યો એક્ટર, પોલિસ સ્ટેશનમાં હાજરી આપવા પહોંચ્યો



'પુષ્પા ૨'થી દુનિયાભરમાં હલચલ મચાવનાર અલ્લુ અર્જુન હવે પોતાના નવા લૂકમાં આવ્યો છે. પુષ્પરાજ તરીકે પોતાના લાંબા વાળ અને દાઢી બતાવ્યા બાદ અલ્લુ અર્જુને દાઢી ટ્રીમ કરાવી છે અને વાળ કપાવી લીધા છે. તેનો નવો લુક સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને ફેન્સ તેના દિવાના થઈ રહ્યા છે. અલ્લુ અર્જુન છેલ્લા ૪-૫ વર્ષથી 'પુષ્પા'માં વ્યસ્ત હતો. ફિલ્મનો પહેલો ભાગ ૨૦૨૧માં અને બીજો ભાગ ૨૦૨૪માં રિલીઝ થયો. આ માટે અભિનેતાએ તેના વાળ અને દાઢી વધારી હતી.

અલ્લુ અર્જુનને તેના નવા હેરકટમાં જોયા બાદ ચાહકોની ખુશીની કોઈ સીમા નથી અને તેઓ તેના વખાણ કરી રહ્યા છે. નવા હેરકટ અને લુકમાં અલ્લુ અર્જુનની ઘણી તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

અલ્લુ અર્જુન ૫ જાન્યુઆરી, રવિવારે આ નવા લૂકમાં ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. ૩ જાન્યુઆરીએ નામપલ્લી કોર્ટે તેમને નિયમિત જામીન આપ્યા હતા.કોર્ટે એ પણ નિર્દેશ આપ્યો હતો કે તેણે બે મહિના સુધી દર રવિવારે સવારે ૧૦ થી ૧ વાગ્યાની વચ્ચે ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશનના એસએચઓ સમક્ષ હાજર રહેવું પડશે. આ કેસમાં ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી પોલિસ સ્ટેશનમાં હાજરી પૂરાવવા આવવાનું રહેશે.

નોંધનીય છે કે, અલ્લુ અર્જુન ૪ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ સંધ્યા થિયેટરમાં થયેલી નાસભાગના કેસમાં ૧૧મો આરોપી છે. આમાં એક મહિલાએ પોતાનો જીવ ગુમાવ્યો, જ્યારે તેનો પુત્ર હજુ હોસ્પિટલમાં છે. અલ્લુ અર્જુનની આ કેસમાં ૧૩ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને બીજા દિવસે તેલંગાણા હાઈકોર્ટે તેને ચાર અઠવાડિયા માટે વચગાળાના જામીન આપ્યા હતા.

યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શનના ડેટા અનુસાર દર વર્ષે ૯૦૦૦૦ ભારતીયો ગેરકાયદે યુએસમાં આવતાં પકડાય છે

# ૨૦૨૨ થી ૨૦૨૪માં ૧૭૦૦ સગીર ભારતીયો અમેરિકામાં ગેરકાયદેસર પ્રવેશતાં ઝડપાયાં

અમદાવાદ :

યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેકશનના તાજેતરનાં ડેટા અનુસાર ૨૦૨૨ થી ૨૦૨૪ ની વચ્ચે લગભગ ૧૭૦૦ ભારતીય સગીરોની યુએસમાં ગેરકાયદેસર પ્રવેશ બદલ ઘરપકડ કરવામાં આવી હતી.

યુએસસીબીપીના ડેટા અનુસાર ૨૦૨૨ માં ૪૦૯ સગીરોને અટકાવવામાં આવ્યાં હતાં, ૨૦૨૩ માં, આ આંકડો વધીને ૭૩૦ થયો હતો અને ૨૦૨૪ માં ૫૧૭ પકડાયા હતાં. એકલાં નવેમ્બર ૨૦૨૪ માં ભારતનાં ૪૨ સગીરોને સરહદ પાર કરવાનો પ્રયાસ કરતી વખતે પકડવામાં આવ્યાં હતાં.માનવ દાણચોરીની રિંગ્સ વિશે જાણતાં લોકો આ વલણને આગળ વધારતાં કેટલાક પરિબળો તરફ નિર્દેશ કરે છે.




આમાં ગરીબી, તકોનો અભાવ અને યુએસમાં વધુ સારા જીવનની લાલચનો સમાવેશ થાય છે.ભારતમાંથી અમેરિકામાં ગેરકાયદેસર ઈમિગ્રેશનનું વ્યાપક ચિત્ર પણ એટલું જ ચિંતાજનક છે. સરેરાશ, ૨૦૨૨ અને ૨૦૨૪ ની વચ્ચે વાર્ષિક આશરે ૯૦૦૦૦ ભારતીયોની ધરપકડ કરવામાં આવી હતી.ભૂતકાળમાં યુએસ બોર્ડર પર દુર્ઘટનાઓ પણ જોવા મળી હતી, જેમાં એક પટેલ પરિવારનો પણ સમાવેશ થાય છે. તેઓ ૨૨ જાન્યુઆરીએ, સરહદ પર હિમવર્ષાને કારણે ઠંડીથી મૃત્યુ પામ્યાં હતાં, જેણે માનવ દાણચોરીની કડવી વાસ્તવિકતાનો પર્દાફાશ કર્યો હતો.

ગુજરાતનાં એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ડીંગુચા દુર્ઘટના હોવા છતાં, ૨૦૨૩ માં ગેરકાયદેસર રીતે યુએસમાં સ્થળાંતર કરનારા સગીરોની સંખ્યામાં વધારો થયો હતો. ૨૦૨૪ માં, સરહદો પર કડક તકેદારીના કારણે માનવ દાણચોરીનું નેટવર્ક કંઈક અંશે ધીમું થયું હતું. ત્યારે પણ, ઓછામાં ઓછાં ૫૦૦ સગીરો સહિત ૯૦૦૦૦ ભારતીયો પકડાયા હતાં.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની તપાસમાં ED ને મની લોન્ડ્રીંગના પુરાવા મળ્યા

# ખ્યાતિનુ રૂપિયા ૨૦૦૦ કરોડનું જમીન કૌભાંડ! આઈએએસ-આઈપીએસ અધિકારીઓ ફસાયા

## અનેક ટોચના અધિકારીઓ - હાઈપ્રોફાઈલ લોકોનું રોકાણ પણ નાણાનો 'ખુલાસો' કરી શકે તેમ નહી હોવાથી મૌનઃ રૂા.૨૦૦૦ કરોડથી વધુના નાણાની લેવડ દેવડના બેક્ર સહિતના પુરાવા મળ્યા

(ગરવી તાકાત) અમદાવાદ તા.૦૫

ગ્રામ્ય સહિતના વિસ્તારોમાં 'દર્દી'ઓ શોધી તેમના પરાણે એન્જીયોપ્લાસ્ટીની સર્જરી સહિતના ઓપરેશન મારફત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાંથી 'નાણા' મેળવી લેવા માટે કુખ્યાત ખ્યાતિ હોસ્પીટલ પ્રકરણમાં હજુ અનેક ધડાકા થઈ રહ્યા છે અને ફકત ખ્યાતિ જ નહી ગુજરાતની અનેક હોસ્પીટલોમાં પણ આ પ્રકારે ગોરખધંધા ચાલતા હોવાની માહિતી બહાર આવતા જ અનેક હોસ્પીટલો બ્લેક લીસ્ટેડ થઈ છે.




ત્યાં જ હવે આ ખ્યાતિ હોસ્પીટલના સ્થાપક કાર્તિક પટેલનું ખ્યાતિ જમીન કૌભાંડ બહાર આવ્યુ છે અને તેણે ફકત સર્વે નંબરના નકશા પરથી જ અમદાવાદ નજીક સાંતેજ અને આસપાસના વિસ્તારોના ૫૦૦ થી ૧૦૦૦ ચોરસવારના પ્લોટ વેચી માર્યા હોવાનું અને વાસ્તવમાં તે જમીનની માલીકીથી લઈ કબ્જા અંગે પણ પ્રશ્ન હોવાનું બહાર આવતા હજારો કરોડ રૂપિયા તેમાં ખ્યાતિ ગ્રુપે મેળવી લીધા હોવાનું બહાર આવ્યુ છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, રાજયના કેટલાક ટોચના આઈએએસ તથા આઈપીએસ અધિકારીઓએ પણ આ પ્લોટ-નકશા જોઈને ખરીદ્યા છે પણ તેઓ તેમના નાણા અંગે કોઈ ખુલાસો કરી શકે નહી હોવાથી મૌન ધારણ કરીને બેસી ગયા છે.

ખ્યાતિ હોસ્પીટલ અને પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનામાં જંગી નાણાનો ભ્રષ્ટાચાર થયો હોવાથી અન્ય તપાસની સાથે હવે એન્ફોર્સમેન્ટ વિભાગે પણ તપાસમાં ઝંપલાવ્યુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના લોકોના આરોગ્ય માટે સુરક્ષા કવચ જેવો આ મહત્વપૂર્ણ કાર્યક્રમ અને તેમાં ભ્રષ્ટાચારની યોજના હચમચી ગઈ છે.

ગુજરાતમાંથી જ આ કૌભાંડ બહાર આવતા તે મુદો વિપક્ષો માટે પણ હથિયાર બની ગયો છે તેમાં હવે તમામમાં ઈડીને જોડવામાં આવી છે. ઈડી દ્વારા ખ્યાતિ હોસ્પીટલના ઓડિટ રિપોર્ટની તપાસ કરતા તથા હાલ ફરાર રહેલા હોસ્પીટલના ડિરેકટર કાર્તિક પટેલના નિવાસે તપાસમાં જમીનના સોદા અંગે જે દસ્તાવેજો મળ્યા તેમાં આ કૌભાંડ બહાર આવ્યુ છે.પટેલ હાલ દુબઈમાં હોવાનું મનાય છે અને તેને રાજકીય છત્રથી બચાવાઈ રહ્યા હોવાની ચર્ચા છે. હવે ઈડીએ આ અંગે એક એન્ફોર્સમેન્ટ- કેસ ઈન્ફર્મેશન રિપોર્ટ તા.૧૯ના રોજ નોંધ્યા છે. જેનો મતલબ તેમાં વધુ તપાસ જરૂરી છે.

આ તમામ સાથે જોડાયેલા એક અધિકારીએ જણાવ્યું કે ખ્યાતિ-લેન્ડ પાસેથી જમીન લેનાર અધિકારીઓ તથા અન્ય હાઈપ્રોફાઈલ લોકોની પુછપરછ કરી રહ્યા છીએ અને તેમાં મનીલોન્ડ્રીંગ-કાળાનાણાને ધોળા કરવા સહિતના પાસામાં તપાસ થશે. ખ્યાતિ લેન્ડના બેક્ર ખાતાઓની માહિતી પણ મેળવાઈ છે.

એક તરફ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના પોર્ટલથી ખ્યાતિ હોસ્પીટલ સાથે જોડાયેલા તપાસની ધરપકડ થઈ છે પણ હવે ખ્યાતિ લેન્ડ કૌભાંડમાં તો મોટા માથાઓની સંડોવણીના ઘટસ્ફોટ ભવિષ્યમાં નવા ધડાકા કરી શકે છે.

ગુજરાતમાં ચેક બાઉન્સના ૪.૭૩ લાખ કેસો પેન્ડીંગ


# સમગ્ર દેશમાં સંખ્યા ૪૩ લાખ : ૧૦ ટકાથી વધુ માત્ર ગુજરાતમાં

જયપુર,તા.૦૫

દેશભરની અદાલતોમાં ચેક બાઉન્સના ૪૩ લાખ ૫ હજાર ૯૩૨ કેસ પેન્ડિંગ છે, જેમાંથી સૌથી વધુ ૬.૪૧ લાખ કેસ રાજસ્થાનમાં છે. મહારાષ્ટ્ર, ગુજરાત જેવાં રાજ્યોનો ક્રમ પણ રાજસ્થાન પછી આવે છે.

કેન્દ્રીય કાયદા રાજયમંત્રી અર્જુન રામ મેઘવાલે તાજેતરમાં અશોક કુમાર રાવતના પ્રશ્ર્ન પર લોકસભામાં આ માહિતી આપી હતી. દેશમાં ટ્રાફિકના કેસ અને ચેક બાઉન્સના કેસ ઘણાં બધાં છે.

આ બાબતને ધ્યાનમાં રાખીને લોકોની સુવિધા માટે અને ટ્રાફિક ચલણના કેસોમાં કામમાં ઝડપ લાવવા માટે વર્ચ્યુઅલ કોર્ટની સ્થાપના



કરવામાં આવી છે, જયારે ચેક બાઉન્સના કેસ માટે કોઈ નવી વ્યવસ્થા કરવામાં આવી નથી.

ચેક બાઉન્સ કોર્ટ અંગે કેન્દ્રીય કાયદા રાજય મંત્રી મેઘવાલે પણ સ્વીકાર્યું કે તેમની પાસે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટાફ અને અધિકારીઓનો અભાવ છે.

પોરબંદરમાં હૃદય સંબંધિત કેસોમાં સૌથી વધુ ૪૦ ટકાનો વધારો : વડોદરામાં ૧૯ ટકા, રાજકોટમાં ૧૨.૪૮ ટકાનો વધારો

# ગુજરાતમાં હાર્ટ સંબંધિત ઈમરજન્સીમાં ૧૬ ટકાનો વધારો

(ગરવી તાકાત) અમદાવાદ તા.૦૫

ગુજરાતમાં ચાલું વર્ષમાં, પાછલાં વર્ષની સરખામણીએ હૃદય સંબંધિત ઈમરજન્સીની સંખ્યામાં ૧૬.૬૬ ટકાનો વધારો થયો છે. જ્યારે અમદાવાદ શહેરમાં આ કેસોમાં ૧૮.૪૮ ટકાનો વધારો થયો છે. જો આપણે ગુજરાતની ઈમરજન્સી સેવા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઈમરજન્સી દર્દીઓને હોસ્પિટલ લઈ જવાનાં ડેટા પર નજર કરીએ તો, આવી ઈમરજન્સીમાં રાજ્યનાં પોરબંદર જિલ્લામાં સૌથી વધુ ૪૦ ટકાનો



જેટલો વધારો થયો છે.

માહિતી અનુસાર, ગયાં વર્ષમાં હૃદય સંબંધિત ઈમરજન્સીના કારણે ૭૧૫૬૧ કેસમાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા લેવામાં આવી હતી. આ વર્ષે ૧ જાન્યુઆરીથી ૨૬ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૮૩૪૮૦ ઈમરજન્સી કેસ નોંધાયાં છે.

ગુજરાતમાં સૌથી વધુ ૪૦ ટકા કેસ પોરબંદર જિલ્લામાં નોંધાયાં છે. ગત વર્ષે પોરબંદરમાં ૧૧૪૫ કેસ નોંધાયાં હતાં જે આ વર્ષે વધીને ૧૬૦૧ થયાં છે. જો સંખ્યાના આધારે જોવામાં આવે તો, આ વર્ષે અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ ૨૪૪૬૦ હૃદય સંબંધિત ઈમરજન્સી કેસ નોંધાયાં હતાં, જે ગયાં વર્ષના ૨૧૧૮૨ કરતાં ૧૮.૪૮ ટકા વધુ છે.નિષ્ણાતોના મતે, હૃદય સંબંધિત ઈમરજન્સીમાં વધારો થવાનું કારણ લોકોમાં જાગૃતિ વધી રહી છે. કોરોના પીરિયડ પછી લોકો તેમનાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થયાં છે. જો કે, હૃદય સંબંધિત બિમારીઓમાં પણ વધારો થયો છે.

આ સમયગાળા દરમિયાન જામનગરમાં ગત વર્ષે ૨૮૪૫ કેસની સરખામણીમાં ૩૦૭૨ ઈમરજન્સી કેસ નોંધાયાં હતાં. આ લગભગ આઠ ટકા વધુ છે. જ્યારે રાજકોટમાં ગયાં વર્ષે નોંધાયેલાં ૪૮૪૮ કેસની સરખામણીએ ૫૪૫૩ કેસ નોંધાયાં હતાં જે ૧૨.૪૮ ટકા વધુ છે.સુરતમાં ગયાં વર્ષે નોંધાયેલાં ૫૩૩૫ કેસની સરખામણીએ આ વર્ષે ૬૭૨૬ કેસ નોંધાયાં છે.

# સત્કર્મ કરતાં ખૂબ થાક લાગશે તો નિદ્રા આવશે સારી પેઠે થાક લાગે ત્યાં સુધી કર્મ કરો. અને ત્યારે એ નિદ્રા પણ ભકિત બનશે..

આજે સોમવારે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો કર્મનું ફળ ઈશ્વરને અર્પણ કર્યું, પછી એ ફળનો માલિક ઈશ્વર થયો. ઈશ્વર કોઈનું ઋણ રાખતો તથી. એ સામું અનંતગણું કરીને વાળે છે. અનુભવ ન થાય એનો અર્થ એ નથી કે સિદ્ધાંત.અનુભવ ન થાય તો માનજો, મારામાં, મારા કર્મમાં કાંઈક ખામી છે. પૂર્વજન્મના ખોટો સંસકારો અને વાસના બળી જશે એટલે કર્મમાં આનંદ આવશે. કર્મનું ફળ ક્યારે મળશે તે કહી શકાય નહી. ઠાકોરજી મંદિરમાં બિરાજે તેથી શાંતિ નહીં મળે પણ તે આપણી બુદ્ધિમાં બિરાજે તો જ શાંતિ થાય.જેવી રીતે સંસારના વિષયો બુદ્ધિમાં રાખો છો,તેવી રીતે બુદ્ધિ માં ભગવાનને રાખો તો જીવન કૃતાર્થ થાય.માલણ ટોપલીમાં ફળ રાખતી,તેમ તમે તમારી બુદ્ધિ ની ટોપલીમાં પ્રભુને રાખો!બાલકૃષ્ણ પાંચ વર્ષના થયા છે. બાલકૃષ્ણને વૃંદાવન જવાની ઈચ્છા છે.

જગતમાં સૌ પ્રત્યે સદભાવ રાખો. તમારા આત્માને પ્રતિકૂળ લાગે તેવું વર્તન બીજા ભરચક કરો. તમે કોઈ જીવ પ્રત્યે કુંભાવ રાખશો, તો તે જીવ તમારા પ્રત્યે કુંભાવ રાખશે. તેવો પ્રતિધ્વનિ!જેવો ધ્વનિ સત્કર્મ કરતાં ખૂબ થાક લાગશે તો નિદ્રા આવશે સારી પેઠે થાક લાગે ત્યાં સુધી કર્મ કરો. અને ત્યારે એ નિદ્રા પણ ભક્તિ બનશે.


ગોકુળમાં થતા ઉત્પાતો જોઈ ઉપનંદકાકાએ સૂચન કર્યું કે, આપણે બાળકોને લઈ બીજે સ્થળે રહેવા જઈએ. અત્રેથી થોડે દૂર વૃંદાવન નામનું વન છેતે રહેવાને યોગ્ય છે.આ સૂચન સર્વને ગમ્યું.માલકૃષ્ણ સાથે બધા વૃંદાવન માં રહેવા આવ્યાં છે.

વૃંદા એટલે ભક્તિ. વૃંદાવન એટલે ભક્તિનું વન. બાળક પાંચ



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

વર્ષનો થાય એટલે તેને ગોકુળમાંથી વૃંદા વનમાં લઈ જાઓ.એટલે તેને ભક્તિના વનમાં લઈ જાવ. બાળકને પાંચ વર્ષ પૂરાં થયાં પછી લાડ કરશો નહીં.લાડનો સમય ગોકુળમાં પૂરો થયો. જે મા-બાપ બાળકને સારા સંસ્કાર આપે તે મા-બાપ બાળકના વેરી છે.જે મા- બાપ બાળકને ધર્મનું શિક્ષણ ન આપે,ભક્તિનું શિક્ષણ ન આપે તે મા-બાપને બાળકના દુશ્મન સમજવાં. બાળકનું હૃદય કોમળ હોય છે તેને જે બજ વાળશો,તે બાજુ વળશે.માટે બાલ્યાવસ્થામાં બાળકોને સારા સંસ્કાર આપો તો જુવાનીમાં બગડશે નહીં.એ સંસ્કાર એનું રક્ષણ કરશે.ઉપનંદ કાકા વનમાં લઈ જાય છે. જેને જ્ઞાની વયોવૃદ્ધ સંતોનો સંગ હોય તેને પતનની બીક રહેતી નથી. એકલો ચાલવા જાય તો પડવાની બીક રહે છે. કોઈનો હાથ પકડીને ચાલો તો પડવાની બીક રહેશે. ઈશ્વરનો



હાથ પકડીને ચાલો તો પડવાની બીક રહેશે નહીં.

વૃંદાવનમાં એકલા ન જવું.બીજા ને પણ સત્કર્મમાં પ્રેરણા આપવી. માટે તો ગોપીઓ સાથે વૃંદાવનમાં ગયા છે. વૃંદાવનમાં ગોવર્ધન પર્વત અને યમુનાના કિનારાઓ જોઈ રામ-કૃષ્ણને ઘણો આનંદ થયો. વૃંદાવનમાં આવ્યા પછી ભગવાન વત્સપાલ થયા છે.બાળમિત્રો સાથે તેઓ વાછરડાં ચરાવે છે. યમુનાના કિનારે બાળકો સાથે અનેક પ્રકારની રમતો રમે છે.

ભગવાન પહેલાં વત્સપાલ બને છે અને પછી ગોપાળ બને છે. પહેલાં વાછરડાં ચરાવે છે, પછી ગાયોને ચરાવે છે.કોઈકોઈ વેળા ભગવાન બંસી બજાવે છે અને જુદા જુદા પ્રકાર ની રમતોથી ગોપબાળકોને આનંદ કરાવે છે.

જીવમાત્રને શ્રીકૃષ્ણ બંસીના ધ્વનિ થી બોલાવે છે,પણ મોહક વિષયો માં ફસાયેલા જીવને એ સાદ સંભળાતો નથી. જમુનાજીનો કિનારો છે ત્યાં બકાસુર આવે છે અને વત્સાસુર પણ આવે છે. બકાસુર એટલે દંભ અને વત્સાસુર એટલે અજ્ઞાન અંધશ્રદ્ધા.ભક્તિમાં આ બે વિઘ્નો આવે છે.

બકાસુર એટલે બગલાસુર. બગલો એ દંભનું પ્રતીક છે,તેથી તો દંભીને બગભગત કહે છે. દંભસમાન કોઈ પાપ નથી.બીજાં પાપ માટે પ્રાયશ્ચિત્ત છે,પણ દંભનું પ્રાયશ્ચિત્ત નથી.જેનો સ્વાંગ ઉપર થી સારો છે,પણ જેની કરણી મેલી છે તે બકાસુર.

બગલાની ચાંચમાં લોભ છે. કીર્તિ નો લોભ હોય અને ધનનો લોભ હોય ત્યાં દંભ આવે છે જ. એટલે દંભથી ખૂબ ચેતતા રહેવાનું ભક્તિના કિનારે પણ દંભ પેદા થઈ જાય છે,જેમ જમુનાજીના કિનારે કિનારે બકાસુર દેખાય છે તેમ.એક સમયે શ્રીહરિ ગોપ બાળકો સાથે વાછરડાંઓ ચરાવવા વનમાં ગયા. વનમાં તેઓ જાતજાતની રમતો રમવા લાગ્યા.

આ ગોપબાળકોનું ભાગ્ય તો જુઓ! જેનાં દર્શન યોગીઓને પણ દુર્લભ છે, તે પરબ્રહ્મની સાથે તેઓ રમી રહ્યા છે.તેવામાં અઘા સુર ત્યાં આવ્યો. અઘાસુરને કંસે મોકલ્યો હતો.બકાસુર અને પૂતનાનો તે નાનો ભાઈ હતો.અઘ એટલે પાપ.

જ્યાં અજ્ઞાન અને દંભ હોય ત્યાં પાપ આવે જ. એટલે અઘાસુર આવ્યો.અઘાસુર મોટા અજગરનું રૂપ લઈને આવ્યો અને સર્વ ગોપ બાળકોને ગળી જવાની ઈચ્છાથી મોં ફાડી માર્ગમાં સૂતો. અઘાસુર-અજગરના મુખને આ કોઈ પર્વત ની ગુફા છે એમ માની બાળકો તેમાં પ્રવેશ કરવા તૈયાર થયાં, પણ કનૈયો એમનો મુખી. એટલે બધા કહે,કનૈયા,તું આગળ થા! બાળકોને શ્રદ્ધા છેકે, અમારો કનૈયો સાથે હોય તો પછી અમને ક્યાંય જવાનો ડર નથી.શ્રીકૃષ્ણ નાં મુખ સામે જોતાં, હસતાં અને તાળીઓ પાડતાં ગોપબાળકો અજગરના મુખમાં પેસી ગયાં. ગોપબાળકોને બચાવવા ભગવાને પણ અઘાસુરના પેટમાં પ્રવેશ કર્યો ગમે ત્યાં જાઓ, ગમે તે કાર્ય કરો, પણ ભગવાનને કાયમ સાથે રાખજો. એને મુખી કરી આગળ કરશો તો તમારો જયજયકારથશે માટે પ્રભુને સાથે લઈને ફરો. પ્રભુને એટલે ઠાકોરજીની મૂર્તિને નહીં, પણ અંતરમાં ઠાકોરજીના સ્વરૂપ ને!અઘાસુરના પેટમાં પ્રવેશ કર્યો ત્યારે બાળકો તાળી પાડતાં ગયાં છે.ભાગવતમાં સમાધિભાષા મુખ્ય છે.લૌકિક અને પરમત ભાષા ગૌણ છે.એટલે ભાગવતનો અર્થ જેને સમાધિનો અભ્યાસ છે તે સમજી શકાશે. વિલાસીને ભાગવતનો અર્થ સમજવો મુશ્કેલ છે. તાળી એ નાદબ્રહ્મ છે. નાદબ્રહ્મ અને નામબ્રહ્મ એક થાય,ત્યારે પરબ્રહ્મ પ્રગટ થાય.અંદર જઈને ભગવાને વિશાળ રૂપ ધારણ કર્યું એટલે અઘાસુરના પ્રાણ બ્રહ્મરંધ્ર માંથી બહાર નીકળ્યા અને બાળકો તેમજ વાછરડાંઓ બહાર આવ્યાં.

અઘ એટલે પાપ. અઘાસુરએ પાપનું સ્વરૂપ છે.પાપમાં-પાપ સાથે રમે છે તે અઘાસુર.પાપ કરવામાં જે સુખ માને તે અઘાસુર કેટલીક વખત જોવામાં આવે છે કે, પાપી સુખ ભોગવતો હોય છે, પણ આ તો તેના પૂર્વ જન્મનાં કોઈ પુણ્યનું ફળ છે એમ માનવું. બાકી પાપનું પરિણામ દુઃખ જ છે.પાપ કરનારો કોઈ દિવસ સુખી થયો નથી અને સુખી થવાનો નથી.કોઈ પુણ્યશાળી બવ દુઃખી દેખાય તો સમજવું કે,તે તેના અગાઉના જન્મના કોઈ પાપનું ફળ ભોગવે છે.પુણ્યનું ફળ દુઃખ નથી જ. પાપ માંથી છૂટવા માટે પ્રતિકૂળની સામે અનુકૂળતા ઊભી કરો! મનુષ્યને કોઈ કોઈ વખત હું પાપ કરી રહ્યો છું તેનું ભાન થાય છે પણ તે પાપને છોડી શકતો નથી.પાપના પંજામાંથી છૂટવું કઠણ છે.અતિશય પુણ્ય નું જોર ન હોય ત્યાં સુધી પાપની આદત છૂટતી નથી.માટે જ્યાં સુધી ઈન્દ્રિયોને પાપ કરવાની આદત છે, ત્યાં સુધી તેને ભક્તિ રસ મળશે નહીં. પાણીથી ભરેલા લોટામાં દૂધ ભરવું હશે તો પાણી ને બહાર કાઢી નાખવું પડશે.

મનમાં પાપનો વિચાર આવે તે જ ક્ષણે તેને કાપી નાખો. કદાચ પાપ થઈ જાય તો પ્રભુ પાસે રડી પડો કે, પ્રભુ, મારા પાપની ક્ષમા કરો! અંતરથી રડશો તો પ્રભુ દયાળુ છે, દયા કરશે જ.પાપ મોં ફાડી સામે ઊભું છે.અઘાસુર અજગર રૂપે આવેલો.મનુષ્ય સાવચેત ન રહે તો પાપરૂપી અજગર તેને ગળી જય છે.એ ગળવા તૈયાર જ ઊભો છે.પાપ શરીરમાં પ્રવેશ કરશે, તો પછી એ તમને છોડશે નહીં.જેના મનમાં, ઘરમાં પાપ છે ત્યાં પરમાત્મા આવતા નથી. એટલે પરમાત્માને ઘરમાં સ્થાપવા હોય તો પાપથી દૂર રહેજો. અજગરના મુખમાં પેઠેલા ગોપ બાળકો જાતે બહાર નીકળી શકતાં નથી.શ્રીકૃષ્ણ તેઓને બહાર કાઢે છે.પાપરૂપી અજગર ના મુખમાં ગયેલો કોઈ જાતે બહાર નીકળી શકે નહીં. અજગરના મુખમાં ગયેલાને બહારનો માણસ બહારખેંચી શકે પાપમાંથી ભગવાન બચાવી શકે. સદગુરુ પાપના મોંમાં પડે તે પહેલાં ચેતવી શકે, પણ પાપનાં મોં માં પડ્યા પછી તો પ્રભુ જ તેમાંથી ઊગારી શકે. પ્રભુ સિવાય બીજાની એ તાકાત નથી. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે સોમવારે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોયું તે બાબતે ચિંતન મનન કરશો અને ખુશ રહો તેવી આશા સહ અસ્તુ.

## ગણપત યુનિવર્સિટીને આંગણે ૩૮ મા AIU- વેસ્ટ ઝોન ઇન્ટરયુનિવર્સિટીયુથ ફેસ્ટિવલનો ભવ્ય શુભારંભ થયો

# પશ્ચિમ ભારતના ૩ રાજ્યોની ૪૪ યુનીવર્સીટીના ૨૨૦૦ સ્પર્ધકો આ ભવ્ય ઉત્સવમાં તેમની પ્રતિભા દર્શાવશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૫

યુવક મહોત્સવનો અવસર ચોક્કસપણે માત્ર યુવાઓની સ્પર્ધા જ નહીં પરંતુ દેશના ઉભરતા યુવાઓની પ્રતિભા અને ઉત્સાહનું અનોખું પ્રદર્શન પણ છે. ભારતના ૩ રાજ્યો- ગોવા, મહારાષ્ટ્ર અને ગુજરાતની કુલ ૪૪ યુનિવર્સિટીઓના ૨૨૦૦થી વધુ સહભાગીઓએ આ ભવ્ય કાર્યક્રમમાં સંગીત, નૃત્ય, સાહિત્ય, નાટ્ય અને લલિતકલા જેવા કલાના પાંચ વિવિધ ક્ષેત્રોમાં ભાગ લેશે.

કલા અને સમાનતાની સાચી ભાવનાને અનુસરીને, ગુજરાતની સૌથી આશાસ્પદ યુવા યુનિવર્સિટી ગણપત યુનિવર્સિટી દ્વારા ૩૮ મા આંતર વિશ્વવિદ્યાલયAIU-વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મહેસાણા લોકલાડીલા સંસદસભ્યશ્રી હરિભાઈ પટેલ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત,એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનીવર્સીટી તરફથી પ્રમુખ પ્રો. વિનય પાઠક અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, તેમજ ઓબ્સર્વર પ્રો. ડો.એસ. કે. શર્મા, સેક્રેટરી જનરલ શ્રીમતી ડો. પંકજ મિત્તલ, એડીશનલ સેક્રેટરી મમતા રાની અગ્રવાલેવિશેષ મહેમાન તરીકે મંચ શોભાવ્યો હતો. વિશેષ, નર્સિંગ કોલેજના દાતા અધિષ્ઠાતાશ્રી ભૂપેશ પરીખ અને ગુજરાતી ચલચિત્રોની જાણીતી હસ્તીઓએ પણ આ શુભ અવસર શોભાવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ વિડીઓ દ્વારા તથા રાજ્યસભાના સભ્ય શ્રી મયંક નાયકે સંદેશા પાઠવ્યા હતા.

વધુમાં, ગણપત યુનિવર્સિટીના પ્રમુખ પદ્મશ્રી ડો. ગણપતભાઈ પટેલ,ગણપત યુનિવર્સિટીના ગ્રુપ પ્રો ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્મા,એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર ડૉ. ગિરિશ પટેલ,પ્રો. વાઈસ ચાન્સેલર ડો. આર.કે. પટેલ, પ્રો વાઈસ ચાન્સેલરડો. સત્યેન પરીખ પ્રો વાઈસ ચાન્સેલરડો. સૌરભ દવે, ડેપ્યુટી પ્રોવાઈસ ચાન્સેલર્સ, વિવિધ




ફેકલ્ટીના એક્ઝિક્યુટિવ ડીન અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું યુટ્યુબ, ફેસબુક અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઈવ ટેલિકાસ્ટ પણ થશે.

ઉદઘાટન સમારંભના શરૂઆત અત્યંત દર્શનીય અને અભૂતપૂર્વ શોભાયાત્રા સાથે થઈ હતી જેમાં વિવિધ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓતેમનાં પરંપરાગતપોશાક પહેરીને તેમની યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરતા, તેમની પ્રતિભા દર્શાવતા અનેઅવસરનો ઉલ્લાસ અને આનંદ વ્યક્ત કરતાં કરતાં મુખ્ય ઉદ્ઘાટન મંચ સુધી સમૂહમાં શોભાયાત્રા કાઢી હતી. ગણપત યુનિવર્સિટીનું આખું કેમ્પસ ઉમંગ અને ઉલ્લાસથી ભરાઈ ગયું હતું.

ઉદઘાટન સમારોહમાં ગણપત યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્માએ તેમના વકતવ્યમાં મહેમાનો, મહાનુભાવો અને વિદ્યાર્થીઓનું હાર્દિક સ્વાગત કર્યું હતું. તેમણે યુનીવર્સીટી એ કરેલી પાંચ મુખ્ય પહેલ પૈકી ત્રણનો પણ ઉલ્લેખ કર્યો જેના કારણે ગણપત યુનિવર્સિટીને તેના ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ સતત બીજી વખત ફાઈવ સ્ટાર રેટિંગ મળ્યું છે. પોતાના વક્તવ્યમાં ડૉ. મહેન્દ્ર શર્માએ પદ્મશ્રી ગણપતભાઈ પટેલને યુનીવર્સીટીના દ્રષ્ટા તરીકે બિરદાવતા તેમની પર પ્રશંસાના પુષ્પો વેર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પાનો ચડાવતા તેમને ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા હાકલ કરી, આપણી સંસ્કૃતિને જીવંત રાખવાના પ્રયાસને બિરદાવ્યો હતો. આ પ્રસંગે તેમણે નરેન્દ્ર (સ્વામિ વિવેકાનંદ) થી લઈ નરેન્દ્ર મોદી સુધીના આદર્શોનેઅનુસરી મેક ઈન ઈન્ડિયાના સ્વપ્રને કલામના **Dream, Dream, Dream** શબ્દો થકી સાકાર કરવાની હાકલ કરી હતી.આ શુભ અવસરે એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનીવર્સીટી તરફથી પધારેલા પ્રમુખ પ્રો. વિનય પાઠકે પોતાની આગવી છટામાં ભક્તિ-શક્તિ-વિરક્તિનો મહિમા કરતાં-કરતાં કલા અને સંસ્કૃતિની સાથેસાથે કૌશલ્ય થકી કારકિર્દી કેળવવા યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રસંગોચિત ઉદ્બોધનમાં ગણપત યુનિવર્સિટીના પ્રમુખ, પદ્મશ્રી ગણપતદાદાએ આ કાર્યક્રમમાં હાજરી આપવા બદલ માનનીય મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે યુનિવર્સિટીના પાયાના નિર્માણમાં મદદ કરવા બદલ બોર્ડ ઓફ ગવર્નન્સના સભ્યો અને અન્ય ભૂતપૂર્વ ટ્રસ્ટીઓને પણ યાદ કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને કેમ્પસ પર આવકારતા કહ્યું કેઆપ સહુની ઉપસ્થિતિ એજ અમારે મન વિશેષ પ્રસંગ છે. તેમણે વિદ્યાર્થીઓને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જેવું અથાગ વ્યક્તિત્વ કેળવી દેશની ધુરા સંભાળવા હાકલ કરી હતી. પધારેલા મહેમાન વિદ્યાર્થીઓ પાણી, વાણી, પર્યાવરણ, અન્ન, ઉર્જા અને સમયનો સદુપયોગ કરે એવા શુભાશિષ આપ્યા હતા.

ઉદ્ઘાટન સમારંભ જાણીતા નૃત્યકાર શ્રી ઠાકોરના શાસ્ત્રીય નૃત્યથી સમાપન તરફ આગળ વધ્યો હતો અને અંતે સુપ્રસિદ્ધ ગાયક સવાઈ ભાટે શ્રોતાઓને મન મુકીને ડોલાવ્યા હતા. કાર્યક્રમના સંચાલિકા પ્રો. દિપાલી દવે દ્વારા આભારવિધિ સાથે ઉદ્ઘાટન કાર્યક્રમનું સમાપન થયું હતું.

# મોરવાડા ગામના મર્હુમ ખેડૂતનું ખોટું પેઢીનામું કરી જમીન વેચાણ કરનાર પુત્રી અને અન્ય ૩ સામે પોલીસ ફરિયાદ નોંધાતા હડકંપ

**૧૪ વર્ષ અગાઉ ૨૦૧૦માં મોરવાડા ગામના મર્હુમ ખેડૂતની પત્ની જીવિત હોવા છતાં મરણ દર્શાવી પુત્રીએ પોતાના ભાઈને વડીલો પાર્જિત મિલ્કતમાંથી બાકાત રાખી ખોટું પેઢીનામું કરી,અને કાચી નોંધ આધારે બે વ્યક્તિઓને જમીન વેચાણ કરી દેતા વેચાણ લેનાર બે જૈન બંધુઓ અને બે સાક્ષીઓ- પંચો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતાં હડકંપ**

(ગરવી તાકાત) સૂઈગામ તા.૫

સરહદી સુઇગામ તાલુકાના મોરવાડા ગામના એક મૃતક ખેડૂતની જમીનમાં માતાને મરણ દર્શાવી અને નાના ભાઈને હક્કથી વંચિત રાખી અભણ પુત્રીએ ખોટું પેઢીનામું કરી સીધી લીટીના વારસદારમાં પોતાનું એક જ નામ દર્શાવી વારસાઈ કરાવ્યા બાદ પંચો અને સાક્ષીઓએ એ ભેગા રહી જમીન ગામના જ બે જૈન ખેડૂતોને વેચાણ કરાવ્યાના ૧૪ વર્ષ બાદ ખોટું પેઢીનામું અને મૃતક ખેડૂતની પત્ની જીવિત તેમજ એક પુત્ર હોવા છતાં તેમની જમીન બરોબર વેચાણ કરાવનાર મૃતક ખેડૂતની પુત્રી, જમીન ખરીદનાર બે જૈન બંધુ ખેડૂતો અને એક સાક્ષી, પંચ વિરુદ્ધ સુઇગામ પોલીસ સ્ટેશને મૃતકની પત્નીએ ફરિયાદ આપતાં પોલીસે ચારેય વિરુદ્ધ ઠગાઈ સહિતની કલમો મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે, બનાવની પ્રાપ્ત વિગતો મુજબ સુઇગામ તાલુકાના મોરવાડા ગામના ખેડૂત રતાભાઈ નથુભાઈ ઠાકોર ગામમાં ખાતા નં.૨૨૬ સર્વે નંબર ૫૪૭, ૫૯૬ ધારણ કરતા




(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

હતા,તેમની પત્ની ડાઈબેન ઉર્ફે દયાબેન અને પુત્ર મનુભાઈ મજૂરી અર્થે બહાર રહેતા હતા, અને એક પુત્રી કકીબેન ઉર્ફે કોકિલાબેનના લગ્ન મહેમદાવાદ ખાતે થયેલ હતા,દરમ્યાન મૃતક ખેડૂત રતાભાઈની પુત્રી કકીબેને પોતાની માતા ડાઈબેન ઉર્ફે દયાબેનને મરણ દર્શાવી, અને ભાઈ મનુભાઈનું નામ છુપાવી ખોટું પેઢીનામું બનાવેલ, જેમાં મર્હુમ રતાભાઈનો મરણનો દાખલો તા,૧૫/૯/૨૦૧૦ના રોજ મોરવાડા ગ્રામ પંચાયતના તલાટીએ આપેલ, અને કકીબેને પોતાના ભાઈ મનુભાઈને વારસદારમાંથી બાકાત રાખી અને પોતાની માતા ડાઈબેન ઉર્ફે દયાબેન હયાત હોવા છતાં પાંચ વર્ષ અગાઉ મરણ ગયેલ હોવાનો એજ દિવસે મરણનો દાખલો મેળવેલ,જેમાં પંચ તરીકે તેમના કુટુંબી રામચંદભાઈ કાળાભાઈ ઠાકોરે સહી કરેલ,બાદ ૧૬/૯/૨૦૧૦ના રોજ વાવ મામલતદાર કચેરીમાં સ્ટેમ્પ વેન્ડર અમૃતભાઈ ગણેશભાઈ બારોટ પાસે ૨૦ના સ્ટેમ્પ ઉપર પેઢીનામું કરાવી કકીબેન એક જ સીધી લીટીના વારસદાર દર્શાવી નોંધ નં.૨૩૫૦થી તા.૧૬/૯/૨૦૧૦ રોજ વારસાઈ દાખલ કરાવેલ,અને એ વરસાઈની નોંધ પડાવ્યાના ચાર દિવસ બાદ જમીનના મૂળ માલિક રતાભાઈ નથુભાઈના નામે જમીન ચાલતી હોવા છતાં કાચી નોંધ આધારે કકીબેને તા,૨૦/૯/૨૦૧૦ ના રોજ સર્વે નં.૫૪૭, અને ૫૯૬ વાળી જમીન પૈકી ૫૪૭ વાળી જમીનના બે ભાગ કરી મોરવાડા ગામના શ્રેણીકકુમાર ઠાકરશીભાઈ સધાણી અને અનિલકુમાર ઠાકરશીભાઈ સધાણીના નામે વેચાણ કરી દીધેલ,અને થરાદ સબ રજીસ્ટાર ખાતે દસ્તાવેજ નોંધણી કરાવેલ, બાદ ૨૭/૯/૨૦૧૦ ના રોજ વાવ મામલતદાર કચેરીએ વેચાણ દસ્તાવેજ આધારે નોંધ નં.૨૩૫૬ પડેલ,ઉપરાંત સર્વે નંબર ૫૪૭ જે બીજો ભાગ મર્હુમ ખેડૂત રતાભાઈ નથુભાઈના નામે ચાલતો હતો,તેનો વેચાણ દસ્તાવેજ પણ અનિલકુમાર ઠાકરશીભાઈ સધાણી ના નામે કરાવી તા,૪/૧૦/૨૦૧૦ ના રોજ વાવ મામલતદાર કચેરીમાં રજૂ કરી નોંધ ૨૩૭૧ થી વેચાણ નોંધ પાડેલ,આમ મર્હુમ ખેડૂતની અભણ પુત્રીનો ગેરલાભ ઉઠાવી અને મૃતકની પત્ની અને પુત્ર હયાત હોવા છતાં એક જ વારસદાર બનેલ પુત્રીએ માતાને મરણ દર્શાવી, નાના ભાઈનો પિતૃક વડીલો પાર્જિત મિલ્કતમાં હક્ક ડુબાડી કાચી વારસાઈ નોંધ આધારે પિતૃક જમીન વેચી નાંખતા આખરે મર્હુમ ખેડૂતની પત્ની ડાઈબેન ઉર્ફે દયાબેન રતાભાઈએ પુત્ર મનુભાઈ સાથે સુઇગામ પોલીસ સ્ટેશને ન્યાય મેળવવાની ગુહાર લગાવી જમીનનું બરોબારીયું કરનાર તેની પુત્રી કકીબેન ઉર્ફે કોકિલાબેન વા/ઓ હરદાસભાઈ રહે મહેમદાવાદ તા,રાધનપુર પંચ તરીકે રહેલા અને ખોટો પુરાવો આપનાર રામચંદભાઈ કાળા ભાઈ હીરાણી,જમીન ખોટી રીતે વેચાણ લેનાર શ્રેણીકકુમાર ઠાકરશીભાઈ સધાણી, અનિલકુમાર ઠાકરશીભાઈ સધાણી અને અન્ય અંગ્રેજીમાં સહી કરનાર વિરુદ્ધ ૧૪ વર્ષ પહેલાના જમીનના મામલે તમામ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ભારતીય ન્યાય સંહિતાની ક લ મ ૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧ અને ૧૨૦ ## મુજબ ધોરણ સરનો ગુનો નોંધી વધુ તપાસ સુઇગામ ઈ.પી.આઈ.એચ.એમ .પટેલ ચલાવી રહ્યા છે.

## ગુજરાત એસ.ટી.નિગમે બે વર્ષમાં જ ચાર કરોડથી વધુ ઓનલાઈન ટિકીટ બુક કરી રૂ.૧૦૬૬ કરોડની આવક પ્રાપ્ત કરી

# વાહ! દૈનિક ૭૫ હજાર ઓનલાઈન ટિકીટ બુકીંગ સાથે એસ.ટી.ભારતમાં અવ્વલ ક્રમે

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૫

સમય - ટેક્નોલોજીની સાથે ગતિ કરવી એ ગુજરાતના નાગરીકોનો સ્વભાવ રહ્યો છે, સમગ્ર ભારતના તમામ રાજ્યોના નિગમોમાં ગુજરાત એસ.ટી નિગમે ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ -ઈજીનો સૌથી વધુ ઉપયોગ કરી વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી છે, સમગ્ર ભારતમાં દૈનિક ૭૫ હજારથી વધુ ઓનલાઈન ટિકિટ બુકિંગ સાથે ગુજરાત એસ.ટી નિગમ પ્રથમ ક્રમે છે.

ગુજરાતના નાગરિકોને સ્વચ્છ, સલામત અને સમયસર મુસાફરીની સુવિધા મળી રહે તેવા ઉદેશ્ય સાથે વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૧૦થી ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત કરાવવામાં આવી હતી.

ઓનલાઈન ટિકિટો સહિત નાગરીકોને મુસાફરી માટે અપાતી સુવિધાઓમાં ઉત્તારોતર વધારો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં થઈ રહ્યો છે. જેના પરિણામે ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૪ કરોડથી વધુ મુસાફરોએ ઓનલાઈન ટિકિટો બૂક કરીને એસ.ટી નિગમને કુલ રૂ. ૧,૦૩૬ કરોડથી વધુની આવક કરાવી છે.

એસ.ટી નિગમ દ્વારા



મુસાફરોની સુવિધાઓને ધ્યાને લઈને વર્ષ-૨૦૧૦થી ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત કરાવવામાં આવી હતી, ત્યારબાદ વર્ષ -૨૦૧૧થી માસ્ટર ફ્રેન્ચાઈઝીના કરાર થકી મુસાફરો અબવશબીત, પેટીએમ જેવી એપ્લિકેશન મારફતે પણ ઓનલાઈન એસ.ટી બસની ટિકિટ બુકિંગ કરાવી શકે છે.

નિગમ દ્વારા દિવ્યાંગ મુસાફરો સરળતાથી બુકિંગ કરી શકે તે માટે દિવ્યાંગ બુકિંગનું વેબ- મોબાઈલ એપ્લિકેશનમાં અલગથી પણ ઓપ્શન આપવામાં આવ્યો છે. ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત કર્યા પછી એસ.ટી નિગમે તબક્કાવાર મુસાફરોની સુવિધાઓ વધારો કર્યો છે, જેમાં વર્ષ-૨૦૧૫થી એન્ડ્રોઈડ અને શઘજ મોબાઈલ એપ્લિકેશન **(GSRTC Official)** લોન્ચ કરવામાં આવી હતી.

મુસાફરો મોબાઈલ- વેબ એપ્લિકેશનુ.ક્ષ્નજર્ષ્ઠિ.હ મારફતે બૂક કરાયેલી ટિકિટોનું રિશિડ્યુલ-કેન્સલેશન તેમજ દ્બઇ સ્ટેટ્સ વગેરે સરળતાથી જાણી શકે તે માટે તમામ વિકલ્પો આપવામાં આવ્યા છે, આ એપ્લિકેશન દ્વારા મુસાફરોને તેમની મુસાફરીની ટિકિટ ૬૦ દિવસ અગાઉ બૂક કરાવી શકશે અને જો મુસાફરીમાં જો કોઈ ફેરફાર થાય તે સમય ટિકિટની રિશિડ્યુલની સુવિધા વિનામૂલ્યે મુસાફરોને નિગમ દ્વારા આપવામાં આવે છે.

જે સ્થળે નિગમનું બસ સ્ટેન્ડ કે બુકિંગ કાઉન્ટર ન હોય તેવા સ્થળે મુસાફરો બુકિંગનો લાભ લઈ શકે તે માટે નિગમ દ્વારા બુકિંગ એન્જસી આપવામાં આવી છે, જેમાં નિગમ ખાતે ૨૦૫ બુકિંગ એજન્ટ કાર્યરત છે.

# સંક્ષિપ્ત સમાચાર


## મહેસાણા તા.ની રૂપાલ કુકસ પ્રાથમિક શાળા બાળકોને ખરી કમાઈની રીત શિખવવામાં આવી











(ગરવી તાકાત) મહેસાણા તા.૫

મહેસાણાની રૂપાલ કુકસ પ્રાથમિક શાળામાં શાળાનો ૫૯મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ વિવિધ વાનગીઓ બનાવી તેના વેચાણ માટેના સ્ટોલ ઊભા કર્યા હતા અને ખરી કમાઈની રીત શીખ્યા હતા. તેમાં ગામમાંથી વાલીઓએ પણ ભાગ લઈ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ ખરી કમાઈ કાર્યક્રમમાં આચાર્ય સહિત શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.

### સુઇગામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા બે હેડ કોન્સ્ટેબલને બઢતી

## સુઇગામ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલમાંથી આસિસ્ટન્ટ સબ ઈસ્પેકટરમા બે જવાનોનું પ્રમોશન

(ગરવી તાકાત) સૂઈગામ તા.૫

સુઈગામ પોલીસ સ્ટેશનમાં વર્ષો થી ફરજ ★બજાવતા પોલીસ જવાનો ને -બઢતી મળતા સમગ્ર સુઈગામ પોલીસ પરિવાર તેમજ સુઈગામવાસીઓએ આનંદિત -બનીને શુભેચ્છાઓ પાઠવી હતી જોકે સુઈગામ પોલીસ -સ્ટેશન વિસ્તારમાં પોતાની બીટ માં હમેશા શાંતિ ભાઈ ચારો જળવાઈ રહે તેવા પ્રયત્નો કરતાં બે હેડ કોન્સ્ટેબલને -બઢતી આપવામાં આવી છે.



જોકે સુઈગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થતાં ગંભીર ગુનાઓ ઉકેલવા તેમજ ગુનેગાર વિરુદ્ધ કડક કાયદાકીય કાર્યવાહી કરી પોલીસ વિસ્તારમાં ગુનાઓમાં ઘટાડો કરી સરાહનીય કામગીરી કરતાં પોલીસ જવાનોને બઢતી આપવામાં આવી હતી જેમાં પ્રકાશભાઈ ચૌધરી સવાભાઈ દેસાઈ જેમને હેડ કોન્સ્ટેબલમાંથી બઢતી આપી આસિસ્ટન્ટ સબ ઈસ્પેકટર તરીકે કામગીરી આપવામાં આવી હતી.

## વિસનગર ખાતે નિવૃત્તિ સામે પુરા પગારના ઓર્ડર વિતરણ કરવામાં આવ્યા



(ગરવી તાકાત) મહેસાણા તા.૫

આજ રોજ તા. ૪/૧/૨૦૨૫ ના રોજ વિસનગર તાલુકામાં એ. પી. એમ. સી., ગંજ બજાર ખાતે પુરા પગાર ના ઓર્ડર વિતરણ નો કાર્યક્રમ યોજાયો. જેમાં માનનીય શ્રી ડૉ. શરદભાઈ ત્રિવેદી સાહેબ, ડી. પી. ઈ. ઑ., મહેસાણા, ચેરમેન શ્રી જિલ્લા શિક્ષણ સમિતિ, મહેસાણા એ. પી. એમ. સી. ચરમેન શ્રી પ્રિતેશભાઈ પટેલ, માનનીય ટી. પી. ઈ. ઑ. શ્રી, વિસનગર માનનીય શ્રી બી. આર. સી. કો. ઑ, વિસનગર તથા બંને સંઘના પ્રમુખ શ્રીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે કુલ ૧૯૦ જેટલાં શિક્ષકો ને ઓર્ડર વિતરણ કરવામાં આવ્યા.

Volume : 10 Issue : 276 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002